### ધાનેરા તાલુકાના ફતેપુરા ગામે ૮ વર્ષીય

# બાળકનું શંકાસ્પદ કોન્ગો ફીવરથી મોત

## આરોગ્ય અને પશુપાલન વિભાગની ટીમે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી

ધાનેરા તાલુકા ના ફતેપુરા ગામે ૮ વર્સીય બાળક નું શંકાસ્પદ કોન્ગો ફીવર થી મોત થતા સમગ્ર પરિવાર માં શોક ની લાગણી ફેલાઈ છે તો બીજી તરફ આરોગ્ય વિભાગ ટિમ અધિકારીઓ પણ તાત્કાલિક ફતેપુરા ગામે દોડી આવ્યા છે ધાનેરા તાલુકા ના ફતેપુરા ગામ માં શંકાસ્પદ કોન્ગો ફીવર થીં આઠ વર્સીય બાળક નું મોત થતા પરિવાર અને ગામ માં શોક ની લાગણી ફેલાઈ જવા પામી છે અને ગામ માં આરોગ્યવિભાગે અને પશુપાલન વિભાગ ના તમામ અધિકારીઓ પણ યુદ્ધ ના ધોરણે દવાઓ







છનટકાવ ની કામગીરી શરૂ કરી દીધી છે જો કે આ બાબતે તાલુકા હેલ્થ અધિકારીએ જણાવ્યું હતું કે હાલ આ કેશ શંકાસ્પદ છે રિપોર્ટ પુના ખાતે મોકલેલ છે ધોરણ બે માં ભણતા કપિલ નામક આઠ વર્સીય બાળક નું મોત થતા હાલ તો સમગ્ર ગામ માં ગમગીન નો માહોલ છવાઈ જવા પામ્યો છે બીજી બાજુ ગામ માં આરોગ્યવિભાગ અને પશુચિકિત્સવ ની ટીમે પણ ગામ માં સર્વે હાથ ધરી ને તમામ તાપસ નો ધમધમાટ શરૂ કર્યો છે.

## ધનસુરા પોલીસે કનાલના બુટલેગરને ઝડપ્યો

ધનસુરા, તા. ૧૯

અરવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂ છૂટથી મળી રહ્યો હોવાનું જગજાહેર છે જીલ્લાના શહેરી- ગ્રામ્ય વિસ્તારમાં દેશી દારૂના ખપ્પરમાં અનેક પરિવારો હોમાઈ રહ્યા છે ધનસુરા પોલીસે વડાગામ નજીક કનાલના સ્થાનિક બુટલેગરને કેડી નદીના કિનારે ૩૫૫ લીટર દેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

અરવલ્લી જીલ્લામાંથી પસાર થતી નદીઓના કોતરોમાં દેશી દારૂની મોટા પ્રમાણમાં ભઠ્ઠીઓ ધમધમી રહી છે વડાગામ નજીક કનાલ ગામ નજીક પસાર થતી નદીના કિનારે મોટા પ્રમાણમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમતા ધનસુરા પોલીસે કનાલ નજીક પસાર થતી કેડી નદીના કિનારે રેડ પાડી કાળજી વીરાજી પરમારને દેશી દારૂની ધમધમતી ભઠ્ઠી સાથે દેશી દારૂ ગાળવાનો ગોળ મહુડાનો વોશ લીટર ૪૭૮૦ કીં.રૂ.૯૫૮૦/- તથા દેશી દારૂ લીટર-૩૫૫ કીં.રૂ.૭૧૦૦/- તથા દારૂ ગાળવાના સાધન મળી કુલ.રૂ.૧૬૮૬૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ધનસુરા પોલીસે દેશી દારૂની ભઠ્ઠીનો નાશ કરી દીધો હતો.



### ડીસા પંથકના વાતાવરણમાં પલટો : અમી છાંટણા, ઉકળાટમાં રાહત પણ ધરતીપુત્રોના જીવ પડીકે

ડીસા પંથકમાં છેલ્લા બે દિવસની અસહ્ય ઉકળાટ હતો. તેમાં ગુરુવારે બપોરે એકાએક પવન તેજ ગતિએ ફૂંકાવા લાગ્યો હતો અને વરસાદી વાતાવરણ વચ્ચે એકાએક વરસાદનું ઝાપટું પડી જતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. જોકે અચાનક આવી ચડેલા વરસાદના પગલે ધરતી પુત્રોના જીવ પડીકે બંધાયા હતા. ડીસા સહિત જિલ્લામાં મેઘરાજાએ પ્રારંભે રાહ જોવડાવ્યા બાદ પાછળથી ભરપૂર વરસાદ થયો છે, તેથી ચોમાસુ સિઝન ખીલી ઉઠી છે, પરંતુ અઠવાડિયા સુધી વરસાદે વિરામ લેતા ભાદરવો બરાબરનો તપવા લાગ્યો હતો. તેથી બફારો અને ઉકળાટ અસહ્ય થઈ ગયો હતો જો કે, હવામાન વિભાગે આપેલી આગાહી મુજબ બફારા વચ્ચે ગઈકાલે અચાનક હવામાન પલટાયું હતું અને આકાશમાં વાદળાં ગોરંભાતા વરસાદી માહોલ છવાતા તેજ પવન સાથે વરસાદી છાંટા પડ્યા હતા તેથી દોડધામ મચી ગઈ હતી, પણ તેના કારણે ઠંડક પ્રસરી ઉઠતા તમામે હાશકારો અનુભવ્યો હતો. પરંતુ ખેતરોમાં ચોમાસુ પાકો પાકવાના આરે છે ત્યાં વરસાદી ઝાપટાથી ખેડૂતોના જીવ પડીકે બંધાયા હતા.

## પાલનપુર તાલુકાના ગઢ ખાતે ગ્રામજનોએ સમરસતા ભોજન માણ્યું

પાલનપુર, તા.૧૯

પાલનપુર તાલુકાના ગઢ ગામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૬૯માં જન્મદિવસ ની સમરસતા દિવસ તરીકે અનોખી ઉજવણી કરવા મા આવી હતી અને સમરસતા ભોજ કાર્યક્રમ યોજવા માં આવેલ જેમાં ગ્રામજનો એ સમૂહ ભોજન લીધું હતું.

ગઢ ગામના રામદેવપીર મંદિર ના પટાંગણમા ગુજરાત વેર હાઉસિંગ નિગમના ચેરમેન મગનલાલ માળી ભાજપ અગ્રણીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતિમા અગ્રણી અમૃતભાઈ દેસાઈ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના ૬૯ માં જન્મ દિવસ ની સમરસતા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી હતી જેમા વાલ્મિકી સમાજના વિશિષ્ટ વ્યક્તિઓ સફાઈ કામદારો અને તેજસ્વી વિદ્યાર્થીઓ નું શાલ તેમજ પુસ્તક આપીને બહુમાન કરાયું હતું અને સફાઈ કામદારો ની કામગીરીને બિરદાવવા માં આવી હતી અને અંત માં તમામ સમાજનાં લોકોએ સમુહભોજન લઈને સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું અને મંદિર પરિસરમાં વૃક્ષારોપણ કરાયું હતું.




### જલોતરા અનુપમ પ્રાથમિક શાળાની બાલિકાઓની જવલંત સિદ્ધિ

વડગામ તાલુકાના જલોતરા ગામની અનુપમ પ્રાથમિક શાળાની બે બાળાઓ જિલ્લાકક્ષાએ એલેન્ટીકસ રમતમાં પ્રથમ અને દ્વિતીય નંબરે મેદાન મારી શાળા ગામનું નામ રોશન કરતાં આનંદ છવાયો છે. જીલ્લાકક્ષાની ખેલ મહાકુંભ એથ્લેટિકસ દિયોદર તાલુકાના રૈયા ખાતે તા ૧૭-૧૮ સપ્ટેમ્બરના રોજ યોજાયી. જેમાં જલોતરા અનુપમ પ્રાથમિક શાળાની ચૌધરી મિતલ રામજીભાઈ (વય જૂથ ૧૧) જીલ્લાકક્ષાએ પ્રથમ (પુરસ્કાર ૩૦૦૦), કોદરવી વનિતા રવાભાઈ (વયજૂથ ૧૪) જીલ્લા કક્ષાએ (દ્વિતીય પુરસ્કાર ૨૦૦૦), કોચ નિલેષભાઈ ડાભી આ બન્ને બાલિકાઓ ખેલ મહાકુંભ રાજ્ય કક્ષાએ પહોંચતા જલોતરા ગામ તથા શાળાનુ ગૌરવ વધારેલ છે. જલોતરા પ્રાથમિક શાળા પરિવાર તથા એસ.એમ.સી. દ્વારા બન્ને બાલિકાઓની સિદ્ધિને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## અરવલ્લી જિલ્લામાં ‘‘સલામત સવારી એસટી અમારી’’ સૂત્ર ખોટું

ભિલોડા, તા. ૧૯

ગુજરાત રાજ્ય પરિવહન નિગમની અડધો-અડધ બસો યોગ્ય સમારકામના અભાવે ખખડધજ હાલતમાં ઉપયોગમાં લેવાતી હોવાનું મુસાફરો અનેકવાર ફરિયાદ કરી ચુક્યા છે અને અનેકવાર રસ્તામાં ખોટકાયી પડવાની અને અકસ્માતની ઘટનાઓ છાસવારે બનતી હોય છે. ‘‘બસની મુસાફરી સલામતીની સવારી’’ના બદલે લોકો જીવના જોખમે પ્રવાસ ખેડાતા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં ભિલોડાના મલેકપુર પાસે અને માલપુરના સજ્જનપુરા કંપા નજીક એસટી બસ ખાડામાં ઉતરી જતા બંને બસોમાં મુસાફરી કરતા મુસાફરોને સામાન્ય ઈજાઓ થવાની સાથે આબાદ બચાવ થયો હતો.

ભિલોડાથી વાઘેશ્વરી જઈ રહેલી એસટી બસ મલેકપુર ગામ પાસે પડેલા ખાડાને લઈને બસ ખાડામાં ખાબકતા બસમાં મુસાફરી કરતા ૧૫ મુસાફરોએ બુમાબુમ કરતા ડ્રાઈવરે બસ



પર કાબુ મેળવ્યો હતો. ૪ મુસાફરોને શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા બસ ખાડામાં ઉતરી જતા આજુબાજુથી લોકો અને સરપંચ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને જાહેર રોડ પર પડેલ ખાડાઓ અંગે તંત્રમાં અનેકવાર રજુઆત કરવા છતાં ખાડા ન પુરાવામાં આળસ દાખવતા નિર્દોષ લોકો ભોગ બની રહ્યા હોવાનો રોષ ઠાલવ્યો હતો. અન્ય એક ભૂંજરીથી માલપુર જતી બસ સામેથી આવતા વાહનને સાઈડ આપવા જતા ખાડામાં પડતા બસમાં મુસાફરી કરી રહેલા ૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને મુસાફરોએ ચિચિયારીઓ પાડી ઉઠ્યા હતા સદનસીબે તમામ મુસાફરોનો આબાદ બચાવ થતા દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. અરવલ્લી જીલ્લામાં થોડાક કલાકોમાં બે જુદા-જુદા સ્થળે એસટી બસ ખાડામાં ખાબકવાની અને પલ્ટી ખાઈ જવાની ઘટનાને પગલે એસટી તંત્રના અધિકારીઓમાં ભારે દોડધામ મચી હતી.

## ધાનેરામાં નવીન બની રહેલા રેલવે પુલને લઈ વિશાલ રેલી યોજી આવેદનપત્ર આપ્યું

ધાનેરામાં નવો બની રહેલો રેલવે બ્રિજ પાણીના નિકાલ માટે રોડની બંને બાજુ



કારણે ધાનેરાના પૂર્વ વિસ્તારના રહીશોને નડતી સમસ્યાઓ સમાધાન આ અંગે આજે વિશાળ રેલી યોજી પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપ્યું હતું અને સાથે જણાવ્યું હતું કે ધાનેરામાં બની રહેલો રેલવે બ્રિજ બંને બાજુના સર્વિસ રોડ ના કારણે ઉપસ્થિત થયેલી સમસ્યાઓનું સમાધાન ઈચ્છીએ છીએ સર્વિસ રોડ રેલવે લાઇનને ક્રોસ કરતો નથી જેના કારણે સ્કૂલે જતાં બાળકો વૃદ્ધ મહિલાઓ તેમજ અન્ય વ્યક્તિઓને બજારમાં જવા માટે રેલબે બ્રિજ પરથી પસાર થવું પડશે તે જાન માટે ખતરારૂપ છે વરસાદી ગટરની કોઈ વ્યવસ્થા નથી જેથી વરસાદી પાણી અમારી સોસાયટીમાં ભરાવાની સમસ્યા ઉત્પન્ન થશે જે આરોગ્યને નુકસાનકર્તા છે તથા તમામ સોસાયટીઓ અને નજીકમાં અવરજવર માટે નાળું મૂકવા વિનંતી છે સોસાયટીમાં પીવાના પાણીની પાઈપલાઈન ગટર પાઈપ લાઈન ની વ્યવસ્થા પ્રાથમિક સુવિધાઓની કોઈ સ્પષ્ટ વ્યવસ્થા નથી જેથી અમે લોકો આજે વિશાળ સંખ્યામાં રેલી યોજી ધાનેરા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી અમારી માંગણીઓ સરકાર સમક્ષ મુકેલ છે.

### પ્રધાનમંત્રી આવાસ યોજનામાંમાં મકાન તો બનાવી દીધું પણ

# ચેક લેવા માટે ખેડૂત બે વર્ષ થી ધક્કા ખાય છે

ધાનેરા માં પ્રધાન મંત્રી આવાસ યોજના માં ખેડૂતે મકાન તો બનાવી દીધું પણ આજ દિવસ સુધી સરકાર દ્વારા તેના પૂરતી સહાય નથી આપી તો બીજી તરફ જિલ્લા ની કચેરીઓ ઓમાં મોટી લાગવગ ધરાવતા દાઉદ મુસલાએ લોકો ને મકાન બનાવ્યા વગર જ સરકાર પાસે થી સહાય અપાવી દીધી અને સરકાર ના અધિકારીઓ ને પણ અંધારા માં રાખી લાખો રૂપિયા નું કૌભાંડ આચર્યું ત્યારે હવે જિલ્લા ના એક જાગૃત નાગરિકે આ બાબતે લેખિત રજુઆત કરી દાઉદ મુસલા સામે કાયદેસર ના પગલાં ભરવાની માંગ કરી છે..અને જો તંત્ર ના અધિકારીઓ આ દાઉદ મુસલા સામે પગલાં નહીં ભરે તો કોર્ટ ના દ્વાર ખાખડાવવા ની પણ ચીમકી ઉચ્ચારી છે

ધાનેરા તાલુકા પંચાયત માં પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ પાસ થયેલા મકાનના પૈસા લેવા માટે એક ખેડૂત છેલ્લા બે વર્ષ થી ધક્કા ખાઈ રહ્યા છે છતાં પણ તંત્ર ના અધિકારીઓ આ ખેડૂત ને ચેક આપવા માટે ગલ્લા ટલ્લા કરી રહ્યા છે ત્યારે આ ખેડૂત ને ચેક ન મળતા ખેડૂતે રાજ્ય ના મુખ્ય મંત્રી ને પણ લેખિત માં રજુઆત કરી છે.......બે વર્ષ અગાઉ જયંતીભાઈ ભીખાભાઈ રહે મલોત્રા વાળા એ પ્રધાન મંત્રી આવાસ યોજના માં ફોર્મ ભર્યું હતું અને તેમને મકાન પણ પાસ થયું હતું સરકાર દ્વારા એક ૩૦ હજાર નો હપ્તો પણ આપવામાં આવ્યો હતો અને આ ખેડૂતે મકાન બનવાનું ચાલુ કર્યું હતું પરંતુ બાકી નીકળતા ચેક આજ દિવસ સુધી ન મળતા આ ખેડૂત આજે પણ ચેક લેવા માટે ધાનેરા તાલુકા પંચાયત ના ધક્કા ખાય છે હવે તમે પણ સાંભળો આ ખેડૂત ની વેદના ધાનેરા તાલુકા પંચાયત માં ગમે તેવું કામ કરવું હોય તો પેલા પૈસા આપવા પડે છે અને જો કોઈ ખેડૂત પૈસા આપવાની ના પાડે તો



તેને હેરાન થવું પડે છે. ધાનેરા તાલુકા પંચાયત ના વિવિધ અધિકારીઓ દ્વારા તેમના એજન્ટો રાખવામાં આવ્યા છે અને એ એજન્ટો દ્વારા તમે કંઈપણ કામ લઈને જાઓ તો તરત જ થઈ જાય છે પરંતુ એજન્ટો ને મો માંગી રકમ આપવી પડે છે ત્યારે જો આ બાબતે જિલ્લા ના અધિકારીઓ તપાસ ના આદેશ આપે તો ધાનેરા ની તાલુકા પંચાયત માંથી કરોડો નું કૌભાંડ બહાર આવે અને કેટલાય અધિકારીઓ જેલ ભેગા થાય ધાનેરા તાલુકા ના માલોત્રા ગામના અરજદારે મકાન બનાવી દીધું છે છતાં પણ હજુ સુધી તેને સહાય નથી મળી પરંતુ લાખણી તાલુકા ના ધાણા ગામે રહેતા દાઉદભાઈ કરીમભાઈ મુસલા સરકાર અને ગરીબ લોકો પાસેથી સહાય ના નામે લાખો રૂપિયા પડાવી લાખો રૂપિયા નું કૌભાંડ આચર્યું છે....દાઉદ મુસલા જે લોકો પાસે જઈને લોકો પાસે થી મકાન સહાય માટે ડોક્યુમેન્ટ ઉઘરાવે અને લોકો ને મકાન પાસ કરવી આપે જેમાં થી ૩૦ હજાર કરતા વધુ રકમ તે દલાલી પેટે લઈલે અને અરજદાર ને માત્ર થોડાજ પૈસા આપે છે થોડા સમય અગાઉ એક મીડિયા કર્મી ધ્વરા આ દાઉદ મુસ્લા ને ચાલુ કેમેરે પૂછપરછ કરતા તે ગલ્લા તલ્લાં કરવા લાગ્યો હતો તેવો વિડીયો પણ શોશિયલ મીડિયામાં ફરતો થયો હતો ત્યારે હવે તમે પણ જુઓ આ વિડીયો એટલુંજ નહીં પણ આ દાઉદ મુસલા એ તો મકાન બનાવ્યા વગર પર લોકો ને સરકાર પાસેથી સહાય અપાવી ચુક્યા છે અને સરકાર ને પણ ગેરમાર્ગે દોરી છે ત્યારે આ બાબતે ધાનેરા ના એક જાગૃત નાગરિક દ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆત પણ કરી છે અને જો તંત્ર દ્વારા આ દાઉદ મુસલા સામે કાયદેસર ના પગલાં નહીં ભરવામાં આવે તો કોર્ટ ના દ્વાર ખાખડાવવા ની પણ ચીમકી ઉચ્ચારી છે.